# શ્રી એચ.એ. શાહ, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ,

## રેફરન્સ (આઈ.ટી.) નં.૧૩/૨૦૦૮

## <u>વિષય : આંક–૩૯ ની અરજીનો હુકમ</u>

બીજા પક્ષકાર તરફે આ અરજી આ કામે અગાઉ આંક–૩૦ થી કરવામાં આવેલ હુકમમાં થયેલ ટાઈપોગ્રાફીકલ ભુલ સુધારવા આપેલ છે.

બીજા પક્ષકારની હાલની આ અરજી ધ્યાને લેતા આંક–૩૦ ના હુકમમાં ટાઈપોગ્રાફીકલ ભુલ થયેલ હોય હાલની અરજી મંજુર કરી અરજીમાં જણાવ્યા પ્રમાણે આંક–૩૦ થી થયેલ હુકમમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે. તેથી આંક–૩૦ નો હુકમ નીચે મુજબ વાંચવો.

બીજા પક્ષકાર તરફે હાલની આ વચગાળાની અરજી કરી તે સાથે એનેક્ષ્ચર–૧ થી ફીકસ પગારે કામે રાખવામાં આવેલ કર્મચારી વર્ગ–૩ અને ૪ માં કામદારોનું તેમના હોદ્દા સાથેનું લીસ્ટ છે તથા તે અબ્રામા–મોગરાવાડી ગ્રામ પંચાયતના / મ્યુનિસિપલ બરોના કર્મચારીઓ તે જે વલસાડ નગરપાલિકામાં મર્જ થયેલ છે. નગરપાલિકાના એકાઉન્ટ ઓફીસર ધ્વારા તા.૨૬/૧૦/૨૩ ના કચેરી આદેશ જાહેર કરી ફીકસ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓના પગારમાં વધારો કરવા જણાવેલ છે. જે નકલ એનેક્ષ્ચર–૨ થી રજુ કરેલ છે. પેરા–૨ માં વખતો વખતના નાણાં વિભાગના ઠરાવો રજુ કરવામાં આવેલ છે. એનેક્ષ્ચર–૩ અને ૪ થી સંયુકત રીતે જે રકમો વખતો વખત ચુકવવાની થાય છે તે અંગેની વિગતો લખેલ છે. આ અરજી કરી તેમણે (એ) પ્રથમ પક્ષકાર નગરપાલિકા એનેક્ષ્ચર–૧ ના કામદાર કર્મચારીઓને ઉપર ઉલ્લેખિત ગુજરાત સરકારના ઠરાવો મુજબ નકકી કરેલ ફીકસ પગારની રકમ અને તેમાં વખતો વખત જે વધારો થયેલ છે તે રકમ તમામ તફાવત સહિતની ચુકવી આપે તેવો હુકમ કરવા તથા (બી) પ્રથમ પક્ષકાર નગરપાલિકા ગુજરાત સરકારશ્રી તા.૧૮/૧૦/૨૩ ના ઠરાવ બાદ વખતો વખત જે ઠરાવ બહાર પાડે તે આ કર્મચારીઓનો કાયમીનો દરજજો ન આપે ત્યાં સુધી ફીકસ પગાર ચુકવે, ચુકવતા રહે તેવો હુકમ કરવાની દાદ માંગેલ છે.

પ્રથમ પક્ષકાર નગરપાલિકા તરફથી આંક–૩૩ થી વિગતવાર જવાબ રજુ કરેલ છે અને આ અરજી મૂળ ટર્મસ રેફરન્સથી વિરુધ્ધની હોય અને ટ્રીબ્યુનલ તે મુજબનો હુકમ કરી શકે નહી તેવી તકરાર લઈ અરજી રદ કરવા રજુઆત કરેલ છે. આ કામે રેફરન્સની પરિસ્થિતિ જોતા એ હકીકત સ્પષ્ટ છે કે કામદારોને ઉચ્ચતર વળતરના લાભ અપાવવા અને જે કામદારોને બઢતી ના આપી હોય તે લાભ મેળવવા બોનસ ચુકવવા, મકાન, જમીન અને રજાઓ, સલામતીના સાધનો પુરા પાડવા તથા પરચુરણ માંગણીઓ અને મુસાફરી ભથ્થુ તથા કાયમી જગ્યા ભરવા અને નવી કાયમી જગ્યા ઉભી કરવા, યુનિયનની ઓફીસ અને વારસદારોને કામ આપવા તથા મેડીકલ, વગર વ્યાજની લોન અને સેફટી એલાઉન્સ અને કાયમી કરવા બાબત માંગણી કરેલ છે. જે મૂળ ટર્મસ ઓફ રેફરન્સ સાથે આ પગારની અરજીમાં માંગેલ જે દાદ છે તેને સંબંધિત કોઈ હકીકત સ્પષ્ટ નથી. વધુમાં આ જવાબ જોવામાં આવે તો એનેક્ષ્ચર–૧ ના તમામ કામદારોને ફીકસ પગારની નોકરીને લાગુ પડતા નથી અને નાણાં વિભાગના ઠરાવો મુજબ કર્મચારીઓને ચુકવવાની રકમની ગણતરીની હકીકતો સાચી નથી તથા જે પરિપત્ર કરવામાં આવેલ છે તેમાં સીધી ભરતીની નિમણૂકોમાં ફીકસ પગાર ચુકવવા બાબત પરિપત્ર થયેલ છે. તેથી આ પ્રકારની અરજી ટકી શકે નહી અને કુલ ૧૫ કામદારોએ ટર્મસ ઓફ રેફરન્સ મેળવેલ છે. તેથી પરિશિષ્ટ–૧ માં જણાવેલ ૧૯ કામદારો પૈકીના એક પણ કામદારનું ટર્મસ ઓફ રેફરન્સમાં નામ નથી. તેથી આ વચગાળાની રાહત અરજી તેઓ કરી શકે નહી તથા નામ. વડી અદાલત સમક્ષ પણ એસ.સી.એ.નં.૩૦૬૫/૧૫ માં આવેલ હુકમ વિરુધ્ધ પ્રથમ પક્ષકાર સંસ્થાએ કરેલ એલ.પી.એ.નં.૧૦૫૬/૧૯ નામ. વડી અદાલતમાં પેન્ડીંગ છે. તેથી પણ આ અરજી ચાલી શકે નહી. તેથી આ વચગાળાની અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

ઉપરોકત રેકર્ડ અને રજુઆત જોતા આ કામદારો કોઈ ટર્મસ ઓફ રેફરન્સના કામદારો નથી કે રેફરન્સમાં પણ આ બાબતે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. વધુમાં જવાબ જોતા એ હકીકત પણ સ્પષ્ટ થઈ જાય છે કે પરિશિષ્ટમાં સીધી ભરતીથી નિમણૂક આપેલ કામદારોને ઠરાવ અનુસાર લાભ આપવામાં આવે જ છે. વધુમાં બીજા પક્ષકાર કામદાર તરફે વિધ્વાન વકીલશ્રી એ.એન. પટેલે એવી રજુઆત કરેલ

છે કે જે હાલની વચગાળાની રાહત માંગતી અરજી કરેલ છે તેમને અગાઉનો જૂનો પગાર આપવામાં આવે છે. જે મીનીમમ વેજીસથી પણ ઓછો છે. તેથી સરકારનું સંસ્થા ધ્વારા આ રીતે અનફેર લેબર પ્રેકટીસનું આચરણ કરવામાં આવે છે. જયારે પ્રથમ પક્ષકારે જવાબમાં આ હકીકતનો ઈન્કાર કરેલ છે અને તેમનો જવાબ જ તેમની રજુઆત હોવાનું જણાવેલ છે.

ઉપરોકત કારણો જોતા જયારે ઠરાવમાં એકાઉન્ટ વિભાગ સરકારી સંસ્થા છે. વલસાડ નગરપાલિકા તેના ધ્વારા પાલન કરવામાં આવતું હોય ત્યારે તેઓના જે કર્મચારીઓ અંગે સરકારની પોલીસી ના હોય અથવા તેઓ અંગે સ્પષ્ટ ઠરાવ કરવામાં ના આવ્યો હોય ત્યારે કોર્ટ મારફત માંગેલ વચગાળાની રાહત આપી શકાય નહી. પરંતુ એ સાથે સક્ષમ સત્તાધિકારી મજુર કાયદાની જોગવાઈઓનું પાલન કરવા તથા જે મીનીમમ વેજીસ એકટ હેઠળ સરકારશ્રીએ જાતે જ જે ધારા ધોરણો નકકી કર્યા હોય તે અનુસાર તેનું પાલન કરી મળવાપાત્ર પગારોની ચુકવણી કરવા માર્ગદર્શન આપી શકાય. તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) આ કામે જે કામદારોને શીડયુલ મુજબ દર્શાવવામાં આવેલ છે તેઓને જો તેઓ સામાવાળા સંસ્થામાં કામ કરતા હોય તો તે અંગે જે સરકારી ધારા ધોરણ અનુસાર મળવાપાત્ર વેતન હોય તેનું ચુકવણું દિન–૬૦ માં કરવું અને તે અંગે અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

સ્થળ : સુરત.
તારીખ : ૦૭/૦૬/૨૦૨૪.

(એચ.એ. શાહ)
સભ્ય,
ઔધોગિક અદાલત, સુરત.